


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૦ ૩૦ જૂન, ૨૦૧૬, ગુરૂવાર ; જેઠ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## તુર્કીમાં એરપોર્ટ પર હુમલા ૩૬ના મોત

ઈસ્તાનબુલ,તા. ૨૯

તુર્કીમાં ઈસ્તાનબુલ વિમાનીમથકે પર ત્રણ આત્મઘાતી હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ સમગ્ર તુર્કીમાં ઉંડી તપાસ ચાલી રહી છે. વિવિધ વિસ્તારોમાં અન્ય હુમલાખોરોની શોધખોળ કરવા અને તેમને પકડી પાડવા માટે વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. મંગળવારના દિવસે બોંબરો દ્વારા અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૩૬ લોકોના મોત થયા હતા અને ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત તો હજુ પણ હોસ્પિટલમાં ગંભીર દર્શાવવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આત્મઘાતી બોંબરોએ પોતાને પણ ફુંકી માર્યા હતા. તુર્કીના વડાપ્રધાને કહ્યુ છે કે ઈસ્લામિક ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો છે.

# કેન્દ્રીય કર્મચારીઓ ખુશખુશાલ

### સાતમાં પગાર પંચની ભલામણોનો કેન્દ્રીય કેબિનેટમાં સ્વીકાર : ૨૩.૫ ટકા પગાર વધારાને મંજુરી



નવી દિલ્હી,તા. ૨૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે કેન્દ્રિય કેબિનેટે આજે ૨૩.૬ ટકાના એકંદરે પગાર વધારાને લીલીઝંડી આપી દીધી હતી. આની સાથે જ ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. કેન્દ્રીય કર્મચારીઓની હવે બલ્લે બલ્લે થઈ ગઈ છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર અને ભથ્થા તથા પેન્શનમાં સુધારાઓ કરીને સાતમાં વેતન પંચની ભલામણોને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. સાતમા વેતન પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ મુજબ તેને મંજુરી આપવામાં આવી છે. આજે સવારે કેન્દ્રિય કેબિનેટની બેઠક મળી હતી. જેમાં વિવિધ પાસા પર વિચારણા કરવામાં આવ્યા બાદ આને મંજુરી આપી દેવામાં આવી હતી. કમીશન દ્વારા કરવામાં આવેલી ભલામણ કરતા પગારમાં વધારો વધારે રહેશે તેને લઈને ગઈકાલથી ચર્ચા ચાલી રહી હતી. જો કે વધારો ભલામણ કરતા વધારે રહ્યો ન હતો. વેતન પંચની ભલામણનો પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલી કરવામાં આવનાર છે. બેઝિક પગારમાં વધારો ૧૪.૨૭ ટકા રહેશે. જ્યારે ભથ્થામાં વધારાની સાથે એંકદરે વધારો ૨૩.૬ ટકાનો રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## સંસદનું ચોમાસુ સત્ર ૧૮ જુલાઈથી આરંભાશે

### જીએસટી બીલ પાસ કરવા તૈયારીઓ : ૧૨મી ઓગસ્ટ સુધી સંસદનું મોનસુન સત્ર ચાલશે



નવી દિલ્હી,તા. ૨૯

સંસદનું મોનસુન સત્ર ૧૮મી જુલાઈથી શરૂ કરવામાં આવનાર છે જેમાં જીએસટી બિલને પસાર કરવા માટેનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. મોનસુન સત્ર ૧૨મી ઓગસ્ટ સુધી ચાલશે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠક બાદ સંસદીય બાબતોના મંત્રી વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, આ સત્રને જરૂરિયાતના આધાર પર બે ત્રણ દિવસ સુધી વધારી શકાશે. અથવા તો ઘટાડી શકાશે. આ સેશનમાં હવે ૨૦ કારોબારી દિવસો રહેશે. જીએસટી બિલ દેશના વ્યાપક હિતમાં છે. અમે આને પસાર કરવાના પ્રયાસ કરીશું. તમામ સંબંધિત પક્ષો સાથે આ મુદ્દે વાતચીત થઈ રહી છે. સર્વસંમતિ સાથે આ બિલ પસાર કરવામાં આવે તેવી અમારી ઈચ્છા છે. આવા પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ જો સર્વસંમતિ સધાશે નહીં તો પણ સંસદ સત્રમાં આને પસાર કરવાના પ્રયાસ કરાશે. આ બિલ ઉપર મતદાનને છેલ્લા વિકલ્પ તરીકે ગણળામાં આવશે. સરકાર આ મુદ્દા પર કોઈપણ પ્રકારના શક્તિ પરિક્ષણને ટાળવા માટે ઈચ્છુક છે. સરકાર કોંગ્રેસને પણ સાથે લેવાના પ્રયાસ કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, નાણામંત્રી અરુણ જેટલી પહેલાથી જ કોંગ્રેસ સહિત તમામ પક્ષો સાથે વાતચીત કરવામાં વ્યસ્ત છે.

# કાશ્મીર ખીણમાં ૬૦ આત્મઘાતી બોમ્બર ઘુસ્યા

### મોટા પાયે રક્તપાત સર્જવાની યોજના હોવાના ચોંકાવનારા હેવાલ : જમ્મુ કાશ્મીરમાં હાલમાં વધતા જતા હુમલાઓની વચ્ચે આત્મઘાતી બોમ્બર સરહદ પાર કરીને કાશ્મીર ખીણમાં ઘુસી ગયા છે : સુરક્ષા દળની ઉંઘ હરામ

નવીદિલ્હી, તા. ૨૯

જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થાય તે પહેલા તમામની ઉંઘ હરામ કરે તેવા ચોંકાવનારા અહેવાલ પ્રાપ્ત થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ કાશ્મીર ખીણમાં આતંક મચાવવાના ખતરનાક ઈરાદા સાથે ૬૦થી વધુ આત્મઘાતી બોમ્બર ઘુસી ગયા છે. જમ્મુ કાશ્મીરમાં હાલના દિવસોમાં વધતી જતા ત્રાસવાદી ઘટના વચ્ચે ૬૦ ત્રાસવાદીઓ સરહદ પાર કરીને કાશ્મીર ખીણમાં ઘુસી ગયા બાદ સુરક્ષા દળોની ઉંઘ હરામ થઈ ગઈ છે. સુત્રોએ માહિતી આપતા એક અગ્રણી અગ્રેજી અખબારને કહ્યુ છે કે આ આત્મઘાતી બોમ્બરો હાલમા જ ખીણમાં ઘુસી ગયા છે. આ તમામ ત્રાસવાદીઓને આર્મી, બીએસએફ, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસને ટાર્ગેટ બનાવવા માટે કહેવામાં આવ્યુ છે. હાલમાં પમ્પોર ખાતે સીઆરપીએફના કાફલા પર હુમલો પણ કરવામાં આવી ચુક્યો છે. જેમાં આઠ જવાન શહીદ થયા હતા અને ૨૧ જવાન ઘાયલ થયા હતા. લશ્કરે તોયબાના ડિવીઝનર કમાન્ડર અબુ દુજાનાને શોધી કાઢવા માટેના પ્રયાસ તપાસ સંસ્થાઓ હાથ ધર્યા બાદ આ ચોંકાવનારી માહિતીના પુરાવા મળી આવ્યા છે. ગયા સપ્તાહમાં જ સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. દુજાના હાલમાં કાશ્મીર ખીણમાં છે. તે સુરક્ષા દળોને સતત થાપ આપી રહ્યો છે.

આ આત્મઘાતી બોમ્બરોની મદદ કરવામાં આવી રહી છે. પાકિસ્તાનમાં અતિ આધુનિક હથિયારોની તાલીમ લઈને આવેલા

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગુજરાત યાત્રા રદ

### રાજ્ય સરકાર તરફથી દબાણ લાવવામાં આવ્યું છે : એએપી દ્વારા આક્ષેપો કરાયા : ટ્રેડબોડી દ્વારા કેજરીવાલને અપાયેલું આમંત્રણ પાછુ ખેંચ્યું



નવી દિલ્હી,તા. ૨૯

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગુજરાત યાત્રાને રદ કરી દેવામાં આવી છે. એએપીએ આક્ષેપ કર્યો છે કે, ભાજપે દબાણ લાવ્યા બાદ આ યાત્રા રદ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલને જે ટ્રેડ બોડી દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું તે ટ્રેડબોડીએ કેજરીવાલને આપેલું આમંત્રણ પાછુ ખેંચી લીધું છે. ગુજરાત સરકાર તરફથી દબાણ લાવવામાં આવ્યા બાદ આ આમંત્રણ પાછું ખેંચી લેવામાં આવ્યું છે. સુરત વેપારી મહામંડળ દ્વારા ૧૦મી જુલાઈના દિવસે કેજરીવાલના સન્માનનું આયોજન કરવામાં આવ્યું હતું. કેજરીવાલ ૯મી જુલાઈના દિવસે સોમનાથ મંદિરની યાત્રા કરીને ગુજરાતમાં પ્રચારની શરૂઆત કરનાર હતા.

એએપીના રાજ્ય વડા કનુ કલસરિયાએ આ મુજબની માહિતી આપી છે. કાર્યક્રમ માટે ટ્રેડબોડીએ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હોલનું બુકિંગ પણ કરાવી લેવામાં આવ્યું હતું જેના માટે કેજરીવાલને ૧૦મી જુલાઈની તારીખ આપવામાં આવી હતી. કેજરીવાલની પાર્ટીએ પહેલાથી જ જાહેરાત કરી છે કે, તેમની પાર્ટી ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં તમામ ૧૮૨ બેઠકો ઉપર ચૂંટણી લડશે.

ટ્રેડબોડી નાના કારોબારીઓની બનેલી છે. તેમના ઉપર ભારે દબાણ લાવવામાં આવ્યું હતું. આખરે આમંત્રણ પાછુ ખેંચી લેવાયું છે. કલસરિયાનો આક્ષેપ છે કે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હોલ બુકિંગને પણ રદ કરવાનો નિર્ણય કરાયો છે.



આવ રે વરસાદ... - અમદાવાદ શહેરમાં રીમઝીમ-રીમઝીમ વરસાદને પગલે સાર્વત્રિક ખુશાલીનો માહોલ સર્જાયો હતો... બાળકોમાં વરસાદને વધાવવાનો ઉમંગ સૌથી વધુ હતો... સ્કૂલના બાળકો સાથી મળી વરસાદના પાણીમાં હાથને ભીંજવીને ખુશી વ્યક્ત કરતી આ તસવીર આપણને પણ હરખાવે છે... પ્રકૃતિની કૃપાને ઝીલતા બાળકોના હાથ જાણે ભાગ્યરેખા બદલવાની ક્ષમતાના દર્શન કરાવે છે... અને બાળકોના મોએ ગણગણાતું ગીત - સૌને ગાવું ગમે... આવ રે વરસાદ ઢેબરીયો પરસાદ... ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.... આવ રે...

## સિનેમા હોલ, રેસ્ટોરન્ટ, બેંકો હવે સાત દિવસ ખુલ્લા રહેશે

### મોડલ્સ શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ મંજુર : કેબિનેટની બેઠકમાં મંજુરી :નાઇટ શિફ્ટમાં પુરતી સુરક્ષા સાથે મહિલાઓને નોકરી કરવા માટેની તક પણ અપાઈ

નવીદિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે અન્ય મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે મોડલ શોપ્સ એન્ડ એસ્ટેબ્લિશમેન્ટ એક્ટને પણ મંજુરી આપવામાં આવી હતી જેના ભાગરુપે હવે સિનેમા, રેસ્ટોરન્ટ, દુકાનો, બેંકો અને અન્ય નોકરીની જગ્યાઓ ૨૪ કલાક ખુલ્લા રહી શકશે. આ ઉપરાંત કેબિનેટે નેશનલ મિનરલ એક્સપ્લોરેશન પોલિસીને પણ મંજુરી આપી હતી જેના પરિણામ સ્વરુપે ખાણની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે. ૧૦૦થી વધુ મિનરલ બ્લોકની હરાજી થઈ શકશે. કેબિનેટના નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. દુકાનો, મોલ અને અન્ય પેઢીઓને વર્ષ દરમિયાન ઓપરેટ રાખી શકે તેવા મોડલ કાયદાને મંજુરી આપવામાં આવી હતી. આ કાયદામાં ૧૦ અથવા તો તેનાથી વધુ વર્કરોને આવરી લેવામાં આવશે. મેન્યુફેક્ચરિંગ યુનિટમાં આ બાબત લાગૂ પડશે નહીં.

યુનિટને ખોલવા અને બંધ કરવાના સમયને લઈને છુટછાટની સાથે ૩૬૫ દિવસ કામ થઈ શકશે. આમાં નાઈટ શિફ્ટમાં પુરતી સુરક્ષા સાથે મહિલા કર્મીને પણ નોકરીની મંજુરી આપવામાં આવી છે. કર્મચારીઓ માટે વધુ સારી કામની શરતોની વાત આમા કરવામાં આવી છે જેમાં પીવાના પાણી, કેન્ટીન, પ્રાથમિક સારવારનો સમાવેશ થાય છે. શ્રમ મંત્રાલય દ્વારા આ દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. મોડલ કાયદાના વધારાની નોકરીની તકો ઉભી કરવાનો હેતુ રહેલો છે. વધુ કલાક સુધી લોકો ઓપરેટ કરવાથી રોજગારીની તકો વધશે. આનાથી વધારાના લોકોની જરૂર પડશે. આઈટી અને અન્ય બાયોટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં રહેલા કુશળ વર્કરોને મુક્તિ આપવામાં આવી છે. ઘણા બધા સૂચનો મળ્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# રાજ્યના કેટલાક વિસ્તારોમાં અતિ ભારે વરસાદની ચેતવણી

### રાજ્યના ૪૪ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ : ચોર્યાસી ખાતે પાંચ, નેત્રંગમાં ચાર, ઉંરગામમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો : માછીમારોને દરિયામાં ન જવા સૂચના

અમદાવાદ,તા. ૨૯

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વિવિધ ભાગોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યના ૪૪ તાલુકાઓમાં વરસાદ થયો છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને દીવમાં પણ ભારે વરસાદની ચેતવણી આગામી ત્રણ દિવસ માટે જારી કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે તંત્ર સાવધાન થઈ ગયું છે. બીજી બાજુ સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આજે પણ વરસાદી મેઘ મહેર યથાવત રહી હતી. આગામી પાંચ દિવસ દરમ્યાન વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. માછીમારોને દરિયામાં નહીં જવાની સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજ્યમાં ધીમી ધારે વરસી રહેલાં વરસાદને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં બેથી ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. રાજ્યના ૪૪ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા.૨૯-૬-૨૦૧૬ ને સવારે ૭-૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમ્યાન સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં ૧૨૫ મી.મી. એટલે કે પાંચ ઈંચ જેટલો, ભરૂચ જિલ્લાના નેત્રંગમાં ૧૧૮ મી.મી. એટલે કે ચાર ઈંચ જેટલો, જૂનાગઢ જિલ્લાના ભેંસાણમાં ૭૪ મી.મી. અને વલસાડ જિલ્લાના ઉમરગામમાં ૭૮ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત રાજ્યના ચોટીલા તાલુકામાં ૫૦ મી.મી., લાઠીમાં ૫૧ મી.મી., વલસાડમાં ૪૮ મી.મી. મળી કુલ સાત તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.





